શ્રી સત્ય મેવ જયતે.

બે અંકી નાટક.

કન્યા વિક્રયની અનહદ ક્રૂરતા દર્શાવનારૂ

તદ્દન નવા સુધારા વધારાસાથે

પ્રાણ—લક્ષ્મી

નાટકના ગાયનો.

રચનાર

તથા

મુંબઈમાં પ્રસિદ્ધ કરનાર,

લક્ષ્મીદાશ પરમાણંદદાશ ભૂતા

રેહેવાશી રાજુલા,

(સ્ટેટ ભાવનગર—કાઠીયાવાડ)

—:-o-:—

પ્રથમ આવૃતી

પ્રત ૨૦૦૦

સન. ૧૯૧૪ સવંત ૧૯૭૦

ચૈત્ર સુદ ૯ (રામનવમી)

કીંમત રૂા. ૦-૨-૦

લેખક. લક્ષ્મીદાસ પરમાણંદદાસ ભૂતા રાજુલાકર

આ પુસ્તક નં. ૩૧૮-૩૨૨ કાલબાદેવી રોડ, મુંબઈ "મરાઠા મિત્ર પ્રિંટીંગ પ્રેસમાં" ગોપાળ દાજીબા દળવીએ છાપ્યું અને લક્ષ્મીદાસ પરમાણંદદાસ ભૂતા રાજુલાકર પોતે પોતાના માટે પ્રિન્સેસ સ્ટ્રીટ મનસુર બિલ્ડીંગ મુંબઇ મુકામે પ્રસિદ્ધ કર્યું.

" પ્રબોધ વાચક "

,, સાહસ કર્મ કર્યા થકી
,, થાય હર્ષનો નાશ
પણ
,, નિતી વર્તન આચરે
,, પામે કદી ઉલ્લાસ
,, વિનાશ કાળે વિપરીત બુધ્ધિ
,, થતાં ન રહે ચિત્તની શુધ્ધિ
તોપણ
,, ધિરજના ફળ મીઠાં છે
એટલુંજ નહીં પરંતુ
,, કોઈ વખત માઠાં પણ છે.

મુખ્ય પાત્રોના નામ

પુરૂષ વર્ગ.

રૂપજીમેતો — કન્યા વિક્રય કરનાર. એટલે દીકરીનું વેચાણ કરવામા પહેલે નંબરે હુશીઆર

પ્રાણુલાલ — રૂપજીમહેતાનો પુત્ર અને કન્યા વિક્રયનો નિષેધક.

સૌભાગ્યચંદ્ર — પ્રાણુલાલનો બાળ મિત્ર લલિતાનો પતિ અને એક લક્ષાધિપતિ ગ્રહસ્થનો પુત્ર.

મહેતાજી — સૌભાગ્યચંદ્રનો નોકર

બુઢાવર — સાઠ વરસની ઉમ્મરે લગ્ન કરવાની ઇચ્છા રાખનાર

અણુવર — બુઢાવરની સાથે જાનમાં આવેલા જાનઇઆ મંડળમા સૌથી અગ્રેસર.

ગોવરધન — કન્યાઓનું વેશવાળ કરનાર લાલચુ દલાલ.

ન્યાયાધીશ — હાઈકાર્ટમાં ધર્મ આસનપરની પવિત્ર જગ્યાપર બિરાજનાર.

જેલર — જેલ ખાતાના ઉપરી અધિકારી સાહેબ—

દેશીમંડળ — કન્યા વિક્રય નિષેધક પ્રાણુલાલ પ્રત્યે દીલસોજી બતાવનાર

સિપાઇઓ — જેલ ખાતાના હાઇકોર્ટના વીગેરે પરચુરણ પોલીશ.

જાનઈઆ—જાનમાં આવનાર ગૃહસ્થો.

સ્ત્રી વર્ગ.

હરખ — રૂપજી મહેતાની સ્ત્રી.

લલિતા — રૂપજી મહેતાની પુત્રી. સૌભાગ્યચંદ્રની સ્રી.

લક્ષ્મી — સૌભાગ્યચંદ્રની બ્હેન.—પ્રાણુલાલની સ્ત્રી

સ્ત્રીમંડળ — લલિતા પ્રત્યે માનની દ્રષ્ટીથી અવલોકન કરનાર.

શ્રીનીતીદેવી — પ્રાણુલાલ ઉપર પુર્ણ પ્રસન્ન થએલી.

જાનડીઓ—જાનમાં આવનારી સ્રીઓ

"શ્રી સત્ય મેવ જયતે"

પ્રાણ--લક્ષ્મી.

નાટકના ગાયનો

ઇશ્વર સ્તુતિ.

ગાયન (૨)

જાનડીઓ—વરને પોખો તમે વહુની માડી રે
આવ્યા તેને લ્યો તમે વધાવી રે
ઘરડા વર ઉભા રહી થાકે રે
નથી ઉભુ રહેવાતું તેનાથી રે
માટે જલદી આવો વહુની માડી રે
લાડકડા વરને સોંપો લાડી રે

ગાયન (૩)

રૂપજીમેતા—દેશી ભાઇઓ દીકરીઓનું ધન હરજો
હુંડા લેખીને નાણું વસુલ કરજો—દેશી
વગર મહેનતે ધન મળે એવો આ વેપાર
વગર જોખમની હુંડીઓ તુરતની શીકરાય
એમ સમજીને હુંડી વસુલ કરજો—હુંડી—દેશી

ગાયન (૪)

જાનડીઓ—ડોસા વર તો પરણું પરણું થઇ રહ્યા રે
વર તો આવ્યા છે લાડડીને ઘેર
વર તો ડગુ ડગુ કરી ચાલતા રે
વરની ઉમ્મર મ્હોટીને હોંશ ઘણી ઘણી રે
વરને ખાવી છે માંડવે જઇ ખાંડ
વર તો " સોનાપુર " ગામના ગરાશીઆ રે,

ગાયન (૫)

લલિતા—મુજને તજી નહીં જા વ્હાલા તું વીરા
બહેન મન વીરા છે અમુલ્ય હીરા
ટળવળતી મુકી ચાલ્યો તું વીરા—મુજને
દુષ્ટ પીતાથી હું અકળાઉં
વૃધ્ધ પતિના ભયથી મુઝાઉં
તેમાંથી તું બચાવી લે વીરા—મુજને.

ગાયન (૬)

પ્રાણલાલ—ઓ દુષ્ટ પીતા દીકરી વેચી ધન લેવાનું ધારમાં
દઈ ડોસાને રંડાપો તું આપ ન કન્યા દાનમાં

(૧)

તને રૂવે રૂવે કીડા પડશે
તારી છાતીપર જમડા ચઢશે
ધગ ધગતે ખીલે ધાબડશે—ઓ દુષ્ટ.

(૨)

આ હરામી પૈસો નહીં રહેશે
ખાવાનું ઘરમાંથી ટળશે
નખોદ જશે શ્રાપો મળશે—ઓ દુષ્ટ.

(૩)

મ્હારા હાથ પગોજ પડયા ભાગી
જેથી જટ કમાણી આ જાગી
લે પાપી હવે મૃત્યુ માગી—ઓ દુષ્ટ.

(૪)

વિષ પાયું હતું ગળયુથીમાં
કે મરી નહીં શીળી ઓરીમાં
પણ આતો સંકટની સીમા—ઓ દુષ્ટ.

ગાયન (૭)

પ્રાણુલાલ— કન્યા વિક્રય જે કરે ધન લઇ
ધિક્કાર તો તેને ધરો
ધનને લોભે વર ના જુએ
એ પાપી પુરો ખરો
દ્રવ્ય લઇને દીકરીનો
જે સ્વાર્થ છોડે નહીં
તે છે અધમ પાપી નર્કનો
નક્કી અધિકારી સહી.

ગાયન (૮)

પ્રાણુલાલ—પ્રથમ જે હતી પ્રાણુથી પુત્રી પ્યારી
કરે દુઃખી તેને પછી શત્રુ ધારી
પીડા તેની પેખી ઝરે અશ્રુ ધારા
તજો ક્રૂર આ ચાલ ઓ દેશી મારા

(૨)

નથી ભુત પીશાચણી એ બિચારી
નથી બાપ દાદા હણી થઇ હત્યારી
કહો વાંક તેણે કર્યાં જે તમારા
તજો ક્રુર આ ચાલ ઓ દેશી મારા

(૩)

ઘણાં દુઃખથી તે તજે અન્ન પાણી
ગયાં રૂપને રંગ અંગે સુકાણી
તથાપિ કરો દુઃખમા કાં વધારા
તજો ક્રૂર આ ચાલ ઓ દેશી મારા

(૪)

પછી દુઃખ જ્યારે શકે ના ખમાઇ
પડે કુપમા કાં મરે વિષ ખાઈ
હણી નિજ પુત્રી બન્યા છે હત્યારા
તજો ક્રૂર આ ચાલ ઓ દેશી મારા

(૫)

જુઓ મુર્ખતા કેવી આ દેશી લોકો
રડો દુઃખતી આખમાં મારી ઝોંકો
કહો, કેમ આવે પછી દુઃખ આરા
તજો ક્રૂર આ ચાલ ઓ દેશી મારા.

ગાયન (૯)

પ્રાણુલાલ— શ્રી કૃષ્ણુ મોરારી છો ગિરીધારી
લેજે તું ઉગારી આશરો તારો છે એક.
સૃષ્ટીમાં વૃષ્ટીમાં દુનીઆની
દ્રષ્ટીમાં સર્વમાં તું છે એક

સુખકરમાં, દુઃખકરમાં, મધુકરમાં, તરૂવરમાં
સરવરમાં તું છો એક—શ્રી કૃષ્ણ
શાન્તીમાં ભ્રાન્તીમાં ભકતોની ભકિતની
શકિતમાં તું છો એક
જળમાંને, સ્થળમાંને, આકાશે, પાતાળે
જ્યાં ત્યાં તું છો એક—શ્રી કૃષ્ણ
સેવકની અરજી લેજે સ્વીકારી
દેજે વિચારી ધ્યાન
શરણે તારે હું આવી માંગું છું
સુંદર "સ્વર્ગ" નું સ્થાન—શ્રી કૃષ્ણ.

ગાયન (૧૦)

(૧)

પ્રાણલાલ— લખ્યા જે લેખ વિધીના
જોયા આ ખેલ કીસ્મતના
જોયું નાટક દુનીઆનું
તેનો અંત આજે આવેછે

(૨)

સુખ જોયું મે દુઃખ જોયું
સુખ સંસારનું ખોયું
મેં સુખ આજ ખોવાતાં
ફાંસીને શોખ દેવો છે

(૩)

પિતાનો સ્નેહ મેં જોયો
માયાના પ્રભાવ મેં જોયો
ન જોયો સ્નેહ કીરતારનો
તે જોવા આજ જાવું છે

(૪)

ઓહો બહેની વ્હાલી બહેની
હતી મુજ ભાગ્યની બહેની
નહીં ત્યારે નહીં આજે
સદાનો સંબંધ ત્રુટે છે

(૫)

બહેની તું મોહ છોડી દે
મારો સંબન્ધ ત્રોડી દે
જનારાને વિસારી દઈ
વિધિનું ધાર્યં વેઠી લે

(૬)

વિધીનું ધાર્યં વેઠી લઇ
મળ્યો ભરથાર સ્વીકારી લે
જનારાં બાઇને ભુલી
અંતરમાં શાન્તી સ્થાપી

(૭)

ઓહો બહેની તું દેવી છે
જમાનાની તુ છો દેવી
હૃદય બહેની તુ દેવી છો
કળીયુગની તુ દેવી છો

(૮)

દેવી નામ સ્થાપુ છુ
દેવી નામ જાપું છુ
સ્વર્ગે જઈ તારૂં હું
દેવી નામ લખાવું છું

(૯)

બહેની રૂદન છોડી દઇ
મળ્યો ભરથાર સ્વીકારી લે
જનારા ભાઇને ભુલી
અંતરમાં શાન્તી સ્થાપી દે

(૧૦)

અંતરમાં આગ લાગી છે
બુઝાવાને નથી કોઇ
હતો મિત્ર બુઝાવાને
નથી ઉપાય તેનો કંઇ

(૧૧)

સંસારી સંગ છોડું છું
મિત્રનો સંબંધ ત્રોડું છું
હૃદય બ્હેની હૃદય રાખી
સ્વર્ગે હું સિધાવું છું.

(૧૨)

બ્હેની છે છેલ્લા તુજને પ્રણામ
મિત્ર છે છેલ્લા તમને પ્રણામ
જગતના મિત્રને છે પ્રણામ
પ્રાણના સર્વને છે પ્રણામ

ગાયન (૧૧)

પ્રાણલાલ—નામ જપીશ હું તારૂં રે રટણ કરીશ હું તારૂં રે
સ્વર્ગમાં જઇ નામ જપીશ હું તારૂ
કૃષ્ણ મોરારી તારૂં નામ છે જગતમાં પ્યારૂં
ઉદ્ધાર છે અધમ તણો કરનારૂં રે—સ્વર્ગમાં
સ્વાર્થી સંસાર છોડું છું આપ શરણે હું આવું છું
લેજે ત્રિભુવન મુજને તારી રે—સ્વર્ગમાં.

શ્રીનિતી દેવી ગાયન (૧૨)

આવી આવી આવી રે હું તો ભક્ત માટે અહીં આવી
ભક્ત છે મારો નિતીમાં પુરો

ન્યાય નિતિમાં નથી અધુરો
નીતાં રીતીમાં પુરો શુરો
સ્હાય થવા હું આવી રે હું તો ભકત માટે અહીં આવી
આવી આવી—

ભકતને મરતામાંથી બચાવા
ભકતનું મનડુ અતિ રીજવવા
ભકતના ભાગ્યનો ઉદય કરવા
ભીડ ભાગવા આવો રે હુ તો ભકત માટે અહીં આવી
આવી આવી—

સ્ત્રીમંડળ— ગાયન (૧૩)

ચાલો ચાલો સૌ બ્હેન લલિતાને માન મોટું આપીએ (૨)
લક્ષ્મી—આવો આવો સૌ બ્હેન લલિતાને માન મોટું
આપીએ (૨)

બેસો બેસો સૌ બ્હેન લલિતાના કુળથી વધાવીએ (૨)
ધરી ઉરે ઉમંગ આનંદનો દિન આજે માનીએ (૨)

પ્રાણુલાલ—કન્યા વિક્રયના ક્રૂરકૃત્યમાંથી બચી તું બેન'ડી
ઉપકાર માને તું પ્રભુનો વ્હાલી મારી બેન'ડી
કન્યાવિક્રયનો નાશ જડમુળથી થવા હીમ્મત ધરૂ.
જીંદગીના જોખમે પાછો કદીપણ નહીં ફરૂં
દમ્પતી જોડું તમો સંસારમાં સુખી રહો
સુખ સંપતી ભવ્ય કીર્તીમાંહે જીંદગાની સફળ કરે

ગાયન (૧૪).

પ્રાણુલાલ—માતુશ્રી મારી થઇ ભાગ્યતણી બલીહારી
ઉપકાર પ્રભુનો એ તમો માનજો રે
મુજ પિતાના પંજામાંથી હું છુટયો છું
બ્હેની તારા આ ભાગ્યમાંહો લખ્યો છે
સુંદર વર સારો એ તમો માનજો રે—માતુશ્રી
પ્રભુ કૃપાથી યત્ન સફળ કહેવાયો છે
મનુષ્ય યત્ન ઇશ્વરની કૃપા એ
કહેવતમાં પ્રાંખ્યો એ તમો માનજો રે—માતુશ્રી
કન્યા વિક્રય કરનારાના સુતને સમજાવું
મારા માફક કરવાને માટે
કદી નહીં મુંઝાવું એ તમો માનજો રે—માતુશ્રી.

ગાયન (૧૫)

લલિતા—પ્રાણુનાથ પ્રિતીના પંથે પધારો
સ્નેહ સુંદર શામળીઆ સ્વીકારો—પ્રાણુનાથ.
પાપી પીતાના પંજામાંથી ફાવી
ઈશ્વરે તેમાંથી મુજને બચાવી
અમી દ્રષ્ટીની વૃષ્ટી વરસાવો—સ્નેહ—પ્રાણુનાથ.
સાભાગ્યચંદ્ર—સ્નેહ અમૃત અંતરમાં ઉતારો
તાપ ત્રિવિધ સંતાપ નિવારો
પ્રાણુ પ્રિયા પ્રીતીની રીતી વધારો
હવે સુખેથી સુંદરી સિધારો—પ્રાણુનાથ.

ગાયન (૧૬)

પ્રાણુલાલ—સરસ નિરસ સુખ દુઃખ નવ ગણીએ સંતોષ માની
રહીએજી (૨)
સકળ શિરોમણી મનહર મુર્તી નામ નારાય લઇએજી
સુવર્ણ પ્રભાતે નિજ પતીની શેવા સદંતર કરીએજી
પુર્ણ પ્રતાપી મન રાખીને સુખ સાગરમાં તરીએજી
અલભ્ય ભકિતને અખુટ શકિતથી પતિનું મન રીઝવીએજી
સમગ્ર સુખમાં અનંત દુઃખમાં પતિને પ્રભુ સમ ગણીએજી
તો ભવસાગરમાં તરી જઇને મહા સતી કહેવાયેજી

લેખકનો હૃદય ઉદગાર.

કન્યાવિક્રયની ક્રૂરતાની પુર્ણાહુતી કરશોજી
૧ ૨
સિંધુ સુતાનો સેવક કહે છે કંઇક પ્રસાદી લેશોજી.

સમાપ્ત.

૧ સિંધુ સુતા—લક્ષ્મી—૨ સેવક—દાસ.